# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૯ : અંક–૧૮૫ વર્ષ - ૧૬ : ફેબ્રુઆરી–૨૦૧૩

## આસો વદ ૧, મંગળવાર તા. ૧૭-૧૦-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૨૭-૩૨૮ ઉપર પ્રવચન, પ્રવચન–૧૨૨

**દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું ? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાંતિ આપે ? ૩૨૭.**



૩૨૭, 'વચનામૃત'. **'દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય...'** મહેલ મકાનો. **'તેથી આત્માને શું ?'** બહારની ઋદ્ધિ ગમે તેટલી હોય એમાં આત્માને ક્યાં શાંતિ છે ? **'કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે.'** આહા..હા..! **'છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે.'** પર તરફની સામગ્રી કે ઋદ્ધિ એ તો દુઃખના નિમિત્ત છે, આકુળતાના નિમિત્ત છે. આહા..હા..!

**'અંતરની ઋદ્ધિ ન પ્રગટે,...'** આહા..હા..! ભગવાન અનંત શાંતિનો રસ કંદ છે, અનંત અતીન્દ્રિય આનંદ છે એની દૃષ્ટિ કરીને એની અંતરની જ્યાં શાંતિ ન પ્રગટે ત્યાં સુધી ક્યાંય શાંતિ નથી. **'અંતરની ઋદ્ધિ ન પ્રગટે,...'** 'ઋદ્ધિ સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા'. ભગવાન આત્મા અનાકુળ આનંદ ને અકષાય શાંતરસથી ભરેલો ભંડાર (છે). એમાંથી શાંતિ ન આવે ત્યાં સુધી શાંતિ ક્યાંય નથી. આહા..હા..! **'અંતરની ઋદ્ધિ ન પ્રગટે,...'** આત્માનું સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન, આત્માની શાંતિ, આત્માની સ્વચ્છતા, આત્માનો શાંત સ્વભાવ ત્રિકાળી એમાંથી શક્તિમાંથી વ્યક્તતા ન પ્રગટે ત્યાં સુધી શાંતિ ક્યાંય નથી. આહા..હા..!

**'ત્યાં શાંતિ ન પ્રગટે, અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાંતિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાંતિ આપે ?'** ઘણા સગવડતાના સાધન આવ્યા માટે હવે આપણને શાંતિ મળી શાંતિ, એમ છે નહિ જરીએ. ઇ બધી બહારની ઋદ્ધિ આકુળતામાં નિમિત્ત છે. ભગવાનનો અનાકુળ સ્વભાવ શાંત, શાંતરસ કંદ પ્રભુ, એની ઋદ્ધિ અંતરમાંથી ન પ્રગટે ત્યાં સુધી ક્યાંય શાંતિ નથી. આહા..હા..! **'બહારની ઋદ્ધિ ને વૈભવ શી શાંતિ આપે ?'**

એક (મુનિએ) લખ્યું છે કે, અત્યારના સાધુઓ સમકિત વિના સાધુપણું આપી દે છે. પણ પોતે સમકિત વિનાના છે. એને બિચારાને બહારની ક્રિયા.

મુમુક્ષુ :– લેનારા લે તો ખરા ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :– લેનાર શું કરવા લે ? લેનારને ખબર નથી ? સાધુ કોને કહેવા. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. આહા..હા..! એમ લઈ લ્યો પંચ મહાવ્રત ને થઈ ગયા ત્યાગી. એ તો અજ્ઞાનનું પોષણ છે. આહા..હા..! લેનારાને ખબર ન મળે, દેનારને ખબર ન મળે કે, સમ્યગ્દર્શન શું ને ચારિત્ર શું ? આહા..હા..!

**મુનિદશાની શી વાત ! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે ! તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય ! ૩૨૮.**

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ છે, એ આવશે હવે. આહા..હા..! મુનિપણું કોને કહેવું, બાપુ ! આહા..હા..! **'મુનિદશાની શી વાત !'** છે ? ઇ આવ્યું છે. આહા..હા..! **'મુનિદશાની શી વાત ! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તમાં સદા ઝૂલનારા છે !'** ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું ગુણસ્થાન (આવે), એને મુનિ કહીએ. વિકલ્પ આવે, સમ્યગ્દર્શન સહિતનો અનુભવ થયો છે, ચારિત્ર પણ સ્વરૂપની રમણતા પ્રગટી છે સાતમાં ગુણસ્થાનમાં એમાંથી હેઠે પાછો આવે ત્યારે વિકલ્પ ઉઠે એ પ્રમાદ દશા, પાછો સપ્તમાં જાય અપ્રમત્ત દશા. આહા..હા..! એ છઠ્ઠે ગુણસ્થાને આવે તો સાતમે ક્ષણમાં જાય, સાતમે આવે, ક્ષણમાં છઠ્ઠે આવે. એવી દશા સંતોની ભાવ મુનિની આવી દશા હોય છે. આહા..હા..! આ તો પંચ મહાવ્રતના પરિણામ લીધા એ તો રાગ છે. નગ્નપણું એ તો અજીવની ક્રિયા છે. આહા..હા..! ત્યાં ક્યાં આત્મા એમાં આવ્યો ?

આત્મા જેમાં આનંદનો નાથ પ્રભુ, એનો જેને સમ્યગ્દર્શનનો અનુભવ થયો પહેલો. આહા..હા..! ૩૮ ગાથામાં કેવું આવ્યું જુઓને ! ગુરુએ સમજાવ્યા એ શ્રોતા એમ કહે છે કે, હું આવો છું, મને મોહ ફરીને ઉત્પન્ન થતો નથી. આહા..હા..! એવી શૈલી, એવી શૈલી. આહા..હા..! આવા ભાવ જેને કાને પડ્યા અને અંદરમાં જેણે તળને ધ્રુવને જોયું અને જોયું ને જાણ્યું ને અનુભવ્યું. આહા..હા..! આચરણ સહિત છે ને. એ શ્રોતા કહે છે, ગુરુએ કહ્યું એ શ્રોતા એમ કહે છે કે, મારો જે મિથ્યાત્વનો મોહનો નાશ થયો હવે મને ઉત્પન્ન થાય એવું નથી. આહા..હા..! ગજબ વાત ! એ ૩૮ ગાથાનો પહેલો આવો અર્થ આવ્યો. પહેલાં એ અર્થ નહોતો આવ્યો. આહા..હા..! પહેલો સમુચ્ચય (કહેતા કે), મુનિ આમ કહે છે, મુનિ આમ (કહે છે). પણ આ તો, આહા..હા..!

જીવ આત્મા જેણે જાણ્યો ને બતાવ્યો અને જેણે જાણ્યો (એણે) અંતર સ્વસંવેદનથી જાણ્યો, સાંભળીને નહિ. આહા..હા..! પોતાનો સ્વ આનંદ સ્વરૂપ, શાંત સ્વરૂપ એના વેદનથી નિર્વિકલ્પ સમાધિથી જેણે આત્માને જાણ્યો. આહા..હા..! ઇ એમ કહે છે, અમને જે આ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું છે એ અમે મોહને મૂળમાંથી નાશ કરી નાખ્યો છે. આહા..હા..! સમજાવનાર ગુરુ છદ્મસ્થ છે. એ સમજનારો એમ આટલું તો કહે છે. આહા..હા..! ગુરુએ સમજાવ્યું એમ છે ને ? કારણ કે, આ પંચમ કાળની વાત છે ને ! કેવળીએ સમજાવ્યું કે, એ અહીં અત્યારે વાત નથી. આહા..હા..! વિરક્ત ગુરુએ સમજાવ્યું. આહા..હા..! રાગની રક્તતા જેને છૂટી ગઈ છે અને અતીન્દ્રિય આનંદની દશા રક્ત પ્રગટ થઈ છે. રાગથી વિરક્ત થયા છે. આહા..હા..! અને સ્વરૂપમાં રક્ત થયા છે એવા ગુરુએ સમજાવ્યું. આહા..હા..!

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિ રાગથી વિરક્ત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– વિરક્ત છે રાગથી. આ તો સંતોની વાત છે અત્યારે, નિર્ગ્રંથની. પંચમ આરામાં સંતોની અપેક્ષાએ વાત છે. છતાં રાગથી ભિન્ન સમ્યગ્દૃષ્ટિ પડ્યો છે એ પણ (રાગથી વિરક્ત છે).

ઓલામાં લીધું છે, આપ્ત લીધો છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ' સમ્યગ્દૃષ્ટિને આપ્તમાં લીધો છે. છે, એ 'પંચ સંગ્રહ'. 'દિપચંદજી'નું 'અધ્યાત્મ પંચ સંગ્રહ' હિતની વાત કરે છે ને હિત જેને પ્રગટ્યું છે એ આપ્ત ગુરુ છે.

**'મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં...'** આહા..હા..! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન તો પ્રગટેલું છે, શાસ્ત્રજ્ઞાન નહિ. આહા..હા..! એવું અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય શાંતિ પ્રગટી છે અને જેને ચારિત્ર દશામાં રમણતા છે, એ મુનિ... આહા..હા..! ક્ષણમાં સપ્તમા ગુણસ્થાનમાં આવે છે, ક્ષણમાં છઠ્ઠામાં આવે છે. **'તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય !'**

'નિયમસાર'માં આવે છે ને ? આહા..હા...! જેને ત્રણ કષાયનો નાશ થઈ, ત્રણ કષાયના અભાવની શાંતિ પ્રગટી છે. આહા..હા..! સર્વાર્થસિદ્ધના સમકિતી એકાવતારી જીવો, એને જે શાંતિ છે એના કરતાં પંચમ ગુણસ્થાનવાળાને શાંતિ વધારે છે, એને ગુણસ્થાન કહીએ. આહા..હા..! એના કરતાં છઠ્ઠાને શાંતિ વધારે છે, એના કરતાં સપ્તમાં શાંતિ વધારે છે. ઘડીકમાં નિર્વિકલ્પ, ઘડીકમાં સવિકલ્પ. આહા..હા..! શાંતિના ઝૂલે ઝૂલે છે આમ. આહા..હા..! ધન્ય અવતાર ! એ મુનિ દશા (કહેવાય). આહા..હા..! **'તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય !'**

'નિયમસાર'ના એક કળશમાં કહ્યું છે. એક કળશમાં એમ કહ્યું છે કે, જરી રાગ છે એટલે એને પૂર્ણ નથી. બીજા શ્લોકમાં એમ કહ્યું છે કે, એ તો એને પૂર્ણ ન માને (ઇ) જડ જેવો છે. આહા..હા..! કેમકે 'પ્રવચનસાર'ની છેલ્લી પાંચ ગાથામાં આવું દર્શન, જ્ઞાન ને ચારિત્ર, વસ્તુનું દર્શન, વસ્તુનું જ્ઞાન ને વસ્તુની રમણતા એવું પ્રગટ્યું તેને મોક્ષતત્ત્વ કહ્યું છે. આહા..હા..! પાંચ ગાથા છે ને છેલ્લી ? આહા..હા..! એની શું વાતું કરવી, બાપા ! એ તો અત્યારે, આહા..હા..! દર્શન દુર્લભ થઈ ગયા, ભાઈ ! આહા..હા..! વીતરાગ ત્રણ લોકના નાથના દર્શન તો દુર્લભ થયા પણ આવા સંતોના વિરહ પડી ગયા. આહા..હા..!

મુમુક્ષુ :- સંતોના કથન તો રહી ગયા ને.

પૂજ્ય ગુરુદેવશ્રી :- ભાવ રહી ગયા પણ પોતે ક્યાં છે ? આહા..હા..! **'તેમને તો સર્વગુણ-સંપન્ન કહી શકાય !'** આહા..હા..! સર્વગુણ-સંપન્ન ચારિત્ર છે ને ? પરમેષ્ઠિ છે ને ? આહા..હા..! અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનમાં છે. આવ્યું ને પાંચમી ગાથામાં ? આહા..હા..! મુનિને તો પ્રચુર સ્વસંવેદન ભાવલિંગમાં જેને પ્રગટ્યું છે, આહા..હા..! એને સર્વગુણ સંપન્ન કહી શકાય. આહા..હા..!

***(પૂજ્ય શશીભાઈનુ પ્રવચન)***

જ્ઞેયાકારજ્ઞાનમાં તું ભાવાન્વિત થાય છે ત્યારે જ્ઞેયાકારનો સંબંધ જ્ઞેય સાથે રહેલો હોવાથી તું જ્ઞેયલુબ્ધ થઈ જાય છે. તને જ્ઞેયમાં આસક્તિ થાય છે અને તેથી અનેકવિધ પ્રકારના વિકારની ઉત્પત્તિ થાય છે. આ એનું મૂળ છે. વિકાર ઉત્પત્તિનું આ મૂળ છે. એટલે એમ કહે છે, કે એ જ જ્ઞાનમાં રહેલું જે જ્ઞાનસામાન્ય એનો આવિર્ભાવ કર. જ્ઞેયાકારજ્ઞાન તિરોભૂત થઈ જશે.

જ્ઞાનમાંથી અન્ય જ્ઞેયોને તું દૂર નહિ કરી શકે, કેમ કે એ તો પરપ્રકાશકપણું છે. જ્ઞાનનો સ્વચ્છત્વગુણ છે આખો. સ્વચ્છત્વ એનું રૂપ છે. ૧૧મી સ્વચ્છત્વ શક્તિ છે. એનું લક્ષણ જ એ લીધું છે, કે ઉપયોગમાં અનેક જ્ઞેયાકારપણું થાય. મેચક આકાર એને શબ્દ વાપર્યો છે. તે સ્વચ્છત્વશક્તિનું લક્ષણ છે એમ લીધું છે.

એટલે જો જ્ઞાનમાં અનેક જ્ઞેયોનો આકાર ઉપજવાનો જો નિષેધ કરવામાં આવે તો સ્વચ્છત્વગુણનો નિષેધ થઈ જશે, શક્તિનો નાશ થશે. એટલે એ તો કોઈ રીતે સંભવિત નથી. એટલી વાત જરૂર છે, કે અનેક જ્ઞેયો તને જણાય છતાં તે જ્ઞેયોની અસર ન આવે એવી એ જ્ઞાનકળા જ્ઞાનમાં થઈ શકે છે, ઊપજી શકે છે અને તે આ છે કે તું જ્ઞાનસામાન્યનો આવિર્ભાવ કર. ભલે અનેક જ્ઞેયો જણાય. તને અનુભવ થશે, કે તે જ્ઞેયોથી મારું જ્ઞાન તદ્દન ભિન્ન છે. મને જ્ઞાનમાં તે જ્ઞેયોને લઈને કાંઈ અસર પહોંચતી નથી. બસ. તને તારામાં વિકારની ઉત્પત્તિનું કોઈ કારણ રહેતું નથી.



## શ્રી પરમાગમસાર, વચનામૃત–૩૫૧-૩૫૨ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૫ (તા.૩-૯-૧૯૮૩, ભાવનગર)

**સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું ?— કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. ૩૫૧.**

'પરમાગમસાર' ૩૫૧. પાનું-૯૨.

'સમયસાર'ની ૧૭-૧૮ ગાથાનો વિષય છે. ૩૫૧મા બોલમાં પ્રતીતિ થતાં સમ્યક્ શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. એ વિષય લીધો છે. **'સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું?'** એમ કરીને ખુલાસો આપે છે. જેને સમ્યગ્દર્શન કહીએ અથવા જેને સમ્યક્ શ્રદ્ધાન કહીએ. દર્શનના બે અર્થ છે. શ્રદ્ધાન અને દર્શન ઉપયોગ–દેખવું. દર્શનથી દેખવું એવો પણ અર્થ થાય છે અને શ્રદ્ધવું એવો પણ અર્થ થાય છે. અહીંયાં શ્રદ્ધાનનો વિષય છે.

**'સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું ?—કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે...'** દર્શન શું? શ્રદ્ધાન શું? પ્રતીતિ શું? અહીં ત્રણે એકાર્થવાચક છે. શ્રદ્ધાનનો પ્રશ્ન ચાલ્યો હતો ને? શ્રદ્ધાનનો કોઈ ગુણ નથી. પ્રતીતિ કરવી, દર્શન થવું, શ્રદ્ધાન થવું. ત્રણ શબ્દનો અહીંયાં પ્રયોગ છે.

મુમુક્ષુ :– એ ગુણ નથી?

પૂજ્ય ભાઈશ્રી :– એક ભાઈ કહેતા હતા, આત્મામાં શ્રદ્ધા નામનો ક્યાં કોઈ ગુણ છે? ૪૭ શક્તિમાં એ વાત ક્યાં આવી છે? ક્યાંથી તર્ક કર્યો છે એ તો ઠીક કર્યો છે. જ્ઞાનની શક્તિની વાત કરી, સર્વજ્ઞશક્તિની વાત કરી, દર્શનશક્તિની વાત કરી, સર્વદર્શિત્વની વાત કરી, સુખ શક્તિની વાત કરી છે. સ્વચ્છત્વ, પ્રકાશત્વ, પ્રભુત્વ આદિ અનેક શક્તિઓની, અકારણકાર્યત્વ બધી શક્તિઓની વાત કરી. એમાં શ્રદ્ધાન નામની શક્તિ નથી લીધી. તર્ક ઉઠાવ્યો છે એ અહીંથી ઉઠાવ્યો છે. શાસ્ત્રમાં એ પરિભાષા છે.

**'સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું?—કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે...'** નિર્વિકલ્પ ઉપયોગમાં...

મુમુક્ષુ :– આત્મજ્ઞાન વડે...

પૂજ્ય ભાઈશ્રી :– ગુણ-ભેદે જુદાં-જુદાં ગુણની પર્યાય છે. આત્મજ્ઞાન તે જ્ઞાનગુણની પર્યાય છે અને સમ્યગ્દર્શન છે તે શ્રદ્ધાનની દર્શનગુણની પર્યાય છે. દર્શનગુણ એટલે દેખવું એમ નહિ ત્યાં. દર્શન એટલે શ્રદ્ધવું, પ્રતીતિ કરવી. પણ બંને સમકાળે છે.

મુમુક્ષુ :– સાધ્ય-સાધનનો...

પૂજ્ય ભાઈશ્રી :– સાધ્ય-સાધનનો વ્યવહાર કરાય છે. જ્ઞાન વડે શ્રદ્ધા થાય છે એવો સાધ્ય-સાધનનો વ્યવહાર કરાય છે. બંને સ્વતંત્ર પરિણમે છે. કોઈ ગુણના પરિણમનનું નિશ્ચયથી કોઈ ગુણની સહાય નથી. છતાં મેળવાળું કાર્ય જોઈને સાધ્ય-સાધનનો વ્યવહાર કરાય છે. જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય, તેને એ

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન દ્વારા સમ્યક્ચારિત્ર થઈ શકે છે. એમ ચારિત્રરૂપી સાધ્યને દર્શન-જ્ઞાનનું સાધન કહેવામાં આવે છે. અને દર્શનને જ્ઞાનનું સાધન કહેવામાં આવે છે. જ્ઞાન છે તે સાધન છે, દર્શન છે તે સાધ્ય છે.

મુમુક્ષુ :– પરિણમન તો સ્વયંભુ છે...

પૂજ્ય ભાઈશ્રી :– સ્વયંભુ પરિણમન છે, સમકાળે પરિણમન છે.

મુમુક્ષુ :– પરિણમન સ્વયંભુ છે પણ એને જે અવરોધ છે તે...

પૂજ્ય ભાઈશ્રી :– એવું નિમિત્તત્ત્વ જોઈને કહેવામાં આવે છે. કેમકે અવરોધ પણ અનેક પ્રકારે છે. અવરોધમાં મિથ્યાશ્રદ્ધાન પણ અવરોધ છે, મિથ્યાજ્ઞાન પણ અવરોધ છે, અનંતાનુબંધીનું કષાયરૂપ આવરણ પણ અવરોધ છે. બધા ગુણમાં વિપરીત પરિણમન છે એ અવરોધરૂપ જ છે. પણ ગુણની વિશિષ્ટતા, પરિણમનની વિશિષ્ટતા, એનો પ્રકાર જોઈને, વિશિષ્ટ પ્રકાર જોઈને કારણ-કાર્યનો ઉપચાર કરવામાં આવે છે. એવું નિમિત્તપણું છે. કર્તાપણું નથી પણ નિમિત્તપણું છે. નિમિતત્ત્વ જરૂર છે. એમાં કોઈ પ્રશ્ન નથી.

જેમ કે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રમાં દેશનાલબ્ધિનું નિમિત્તત્વ છે. કર્તાપણું નથી. પણ વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાયના કોઈપણ દેવ-ગરુ-શાસ્ત્ર જગતમાં કહેવાતા હોય, તો એમાં સમ્યગ્દર્શનનું નિમિત્તત્વ પણ રહ્યું નથી. એટલો ફેર છે. અજ્ઞાનીના મિથ્યાદષ્ટિના હજારગમે, કરોડગમે ઉપદેશ હોય તો પણ દેશનાલબ્ધિમાં જ્ઞાનીનું એક વચન નિમિત્ત પડે, અહીંયાં હજારો-કરોડો એના વચનો નિમિત્ત ન પડે. અરે...! સત્શાસ્ત્રોના આધાર લઈને કહે તો પણ એનું વચન નિમિત્ત ન પડે. એનું વચન નિમિત્ત ન પડે. આ એનો નિયમ છે. અનાદિ-અનંત એનો નિયમ છે. કોઈ કાળમાં ન બને. એવું નિમિત્તત્વ એનામાં રહેલું છે. એટલી વાત સ્વીકારવી જોઈએ. આમ છે.

મુમુક્ષુ :– આમાં ભૂલ કરે તો આગળ જ ન વધે...

પૂજ્ય ભાઈશ્રી :– એ પ્રશ્ન જ નથી. જેને નિમિત્તની ખબર નથી, એને ઉપાદાનની ખબર છે એ વાત જ વિચારવાની રહેતી નથી. ત્યાં પ્રશ્ન જ નથી. નિમિત્તમાં ભૂલ્યો છે, એ કહેવાની આવશ્યકતા જ નથી. જરૂર જ નથી કે એ ઉપાદાનમાં ભૂલ્યો છે. એ પ્રશ્ન જ નથી. વાત ખલાસ થઈ જાય છે. ત્યાંથી જ પૂરી થઈ જાય છે. આમ છે.

મુમુક્ષુ :– સત્પુરુષના વચનને ગૌણ કરીને...

પૂજ્ય ભાઈશ્રી :– હા. અજ્ઞાનીની મુખ્યતા કરે, સત્પુરુષની ગૌણતા કરે, સમ્યગ્જ્ઞાનીની ગૌણતા કરે, અજ્ઞાનીની મુખ્યતા કરે એ નિમિત્તમાં ભૂલ્યો છે. કહેવાની જરૂર નથી કે ઉપાદાનમાં તે ભૂલેલો જ છે. એ પરીક્ષા કરવાની પણ જરૂર નથી. નિયમબદ્ધપણે, નિશ્ચિતપણે, નિયતપણે, ચોક્કસપણે ભૂલ્યો જ છે. એમાં પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :– વચન તો સત્પુરુષના અને અજ્ઞાનીના સરખા હોય...

પૂજ્ય ભાઈશ્રી :– સરખા દેખાય છે પણ ફેર છે તે ફેર છે. એમાં કોઈ પ્રશ્ન નથી. જે આત્મરસ સત્પુરુષને ઊપજે છે અને એ નિમિત્તે જે વચન આવે છે એવો આત્મરસ અજ્ઞાનીને ઊપજ્યો જ નહિ હોવાથી પ્રકારાન્તર ઊભો થાય છે એ અંતરને તો મિટાવી શકાય એવું નથી. આમ છે.

મુમુક્ષુ :– નિમિત્તની સ્થૂળ ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– સ્થૂળ ભૂલ છે. અથવા વિપર્યાસ ઘણો વધેલો છે. સ્થૂળ ભૂલ કહો કે વિપર્યાસ વધેલો છે એમ કહો. બે એક છે.

મુમુક્ષુ :– આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ અજ્ઞાની કહે અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાની કહે, ક્યાં આમાં...

પૂજ્ય ભાઈશ્રી :– એક કૂતરો ચોરને જોઈને ભસે છે. અને બીજો જોયા વગર ભસે છે. બેમાં ફેર છે. ભસે છે સરખું. કેમ કે ચોરને જોઈને ભસેલો કૂતરો અને ભસવાનું સાંભળીને બીજો પણ એમ જ વિચારે છે કે કોઈક ચોર છે માટે આવી રીતે ભસે છે. ભસવા-ભસવામાં ફેર છે. આ કૂતરાએ કોઈક ચોર જોયેલો લાગે છે માટે આમ ભસે છે. એટલે તે પણ એવા

જ પ્રકારે ભસવા લાગે છે. છતાં બેમાં ફેર છે. ફેર છે કે નથી ફેર?

જ્ઞાનમાં અંતર વસ્તુ પ્રત્યક્ષ થાય અને જે ભાવ આવે અને એક વસ્તુ જોઈ જ નથી, જે વિષયમાં અંધકાર છે. એનો એ ભાવ કેવી રીતે આવે ? બહુ મોટો આંતરો છે. જેવો કેવળજ્ઞાનમાં આત્મા ભગવાને જોયો છે. એવો જેના મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ છે એ જે પ્રત્યક્ષ જોઈને અંદરમાં આત્મા કહે છે અને જેને અનાદિથી એ વિષયનું જ્ઞાન જ નથી. આત્મા જોયો જ નથી. અનાદિથી. જેમ જન્માંધ કોઈ હોય છે. એને તમે રંગ, રૂપ શું પૂછશો? જન્માંધને રંગરૂપ પૂછીને શું પૂછશો? એમ અનાદિથી જે અંધ છે, જેણે ક્યારેય પોતાનું સ્વરૂપ જોયું જ નથી. એ સ્વરૂપના વિષયમાં શું કહે? એ કાંઈ કહે છે એ બધું અદ્ધરથી ચાલે છે, અદ્ધરથી કહે છે. અને એકને આખો વિષય પ્રત્યક્ષ છે, આત્મા પ્રત્યક્ષ છે. બેની સરખામણી કેમ થાય?

મુમુક્ષુ :– અજ્ઞાનીને કેવી રીતે ખબર પડે ?

પૂજ્ય ભાઈશ્રી :– એને માટે તો એ તો (પ્રશ્ન) છે. તમે પૂછો કે આ હીરો છે એની ચમક તો પોખરાજની 'બેંગકોક'ની ખોટા હીરાની છે. અને સાચા હીરાની પણ છે. ચમકે છે તો બેય. એકની ચમક સાચા હીરાની ચમક છે અને એક ખોટા હીરાની ચમક છે એ કેમ ખબર પડે? એને માટે એનો અભ્યાસ કરવો જરૂરી છે. એ પરખવાની તૈયારી કરવી અનિવાર્ય છે.

મુમુક્ષુ :– એ તો પોતાની જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :– પોતાની જ જોઈએ એમાં કોઈ શીખવાડે અને શીખે એવો વિષય નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ન ભૂતો ન ભવિષ્યતિ. કોઈ અજ્ઞાની એક શબ્દ બોલે છતાં એમાં એનું નિમિત્તપણું ઊભું ન થાય. આમ છે. નિમિત્તત્વ નથી એમાં. શબ્દો તેના તે છે પણ અંદર ભાવ નથી. કેમકે ત્યાં (જ્ઞાનીની વાણીમાં) એ શબ્દો નથી. ત્યાં એકલા શબ્દોની ઉપસ્થિતિ નથી. સાક્ષાત્ જાગૃત ચૈતન્યની ત્યાં ઉપસ્થિતિ છે. એકલા શબ્દો નિમિત્ત નથી એ તો કહેવાય છે શબ્દો નિમિત્ત. કહેનારનો ભાવ પણ વાંચ્યો છે. એ તો નિમિત્ત પડ્યું હોય એને જ ખબર પડે.

મુમુક્ષુ :– લેખનમાં...

પૂજ્ય ભાઈશ્રી :– લેખનમાં પણ અજ્ઞાનીનું નિમિત્ત ન પડે. સત્શાસ્ત્ર નિમિત્ત પડે. સત્પુરુષનું લખેલું શાસ્ત્ર હોય તો નિમિત્ત પડે. એમ છે. આચાર્યનું, ભાવલિંગી સંતનું લખેલું શાસ્ત્ર હોય એ નિમિત્ત પડે. અજ્ઞાનીના શાસ્ત્રો નિમિત્ત ન પડે.

અહીંયાં જે દેશનાલબ્ધિ મળે છે એ પ્રત્યક્ષ સત્પુરુષથી, એમાં શબ્દો ઉપર ધ્યાન નથી. જો કે ખરેખર Practical side જ એ છે, કે તમે કોઈપણ વ્યવહાર કરો છો એમાં તમારું શબ્દો ઉપર ધ્યાન નથી. સામાના ભાવ ઉપર જ ધ્યાન છે. હિતેચ્છુ માણસ કડવું કહે તો તમે એને હિતવચનમાં લેશો. કે નહિ લ્યો? અને કોઈ એક દુશ્મન છે એ મીઠું કહેશે તોપણ એમ કહેશો કે આ મીઠી છરી છે, સંભાળવા જેવી છે. કહેશે કે નહિ કહે? વચન તો વિષય નથી. ભાવ જ જોવાય છે. એની Practical side જ એ છે. ભાવ જ જોવાય છે. એમ જેને પ્રત્યક્ષ જ્ઞાનીના યોગે એ નિમિત્ત પડે છે, દેશનાલબ્ધિ ઊપજે છે, ત્યારે એને એનો આત્મભાવ એમાં વંચાય છે. શબ્દો સંભળાય છે કે વંચાય છે એ ગૌણ વિષય છે. એની અંદર રહેલો વંચાય છે. ભાવ શ્રુતજ્ઞાનનો સંબંધ ભાવ સાથે છે, દ્રવ્ય સાથે નથી. જ્યાં સુધી શ્રુતજ્ઞાનનો સંબંધ દ્રવ્ય સાથે છે ત્યાં સુધી એને દ્રવ્યશ્રુત કહ્યું છે. અને જ્યાં ભાવ સાથે સંબંધ થયો ત્યાં એ ભાવશ્રુતમાં પલટો મારે છે. એમ છે. એટલે એને ત્યાં ભાવશ્રુત કહે છે.

મુમુક્ષુ :– જ્ઞાનીના વચન કોઈ બીજા માણસ લખે તો નિમિત્ત પડે ?

પૂજ્ય ભાઈશ્રી :– નિમિત્ત ન પડે. કેમકે ત્યાં ફરી ગયું. તેના તે વચનો છે, પણ જ્ઞાનીના છે એમ ઉદ્ધરણ લે એ બીજી વાત છે. ઉદ્ધરણ કરવું એ બીજી વાત છે. આમ કહે છે. આચાર્ય આમ કહે છે, ફલાણા જ્ઞાની આમ કહે છે. એમ નિમિત્ત પડે.

મુમુક્ષુ :– પણ માનો કે .. ગુરુદેવના વચનો...

લીધા...

પૂજ્ય ભાઈશ્રી :– હા પણ એમાં તો 'ગુરુદેવ'ની વાત છે ને? એ શાસ્ત્ર થઈ ગયું. એમ લીધું ને? ઉપર શું લખ્યું છે? કે 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો' એમ લખેલું છે. લખેલું છે કે નહિ? આ 'અનુભવપ્રકાશ' 'દીપચંદજી સાધર્મી' કૃત. એમનાથી છે ને? કોઈ પોતાના નામે ચડાવે ત્યારે એની અંદર ગડબડ કરે. એ ગડબડ કર્યા વિના રહે નહિ. એ નિમિત્ત નથી પડતું. એમ ફેર પડે. કેમકે એમાં વિષય સાંગોપાંગ આવે છે. જ્ઞાનીના કથનમાં એ વિષય આગળ-પાછળ સંધિ લઈને આવે છે. અને આ એમનેમ ગડબડ સહિત બધું આવે છે.

મુમુક્ષુ :– ... આત્મા વંચાય એ રીતે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મભાવ એની અંદર પ્રદર્શિત થાય છે. જ્ઞાનીના વચનોમાં આત્મસ્વભાવ પ્રસિદ્ધ થાય છે. પ્રગટ પ્રસિદ્ધ થાય છે. એ જેને વંચાય છે તેને તે નિમિત્ત પડે છે. એમ છે ખરેખર. પેલામાં તો આત્મસ્વભાવ પ્રગટ જ થતો નથી.

અહીં ચાલુ વિષયમાં **'સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું ?—કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન...'** જેણે ઉત્પન્ન કર્યું છે. રાગથી ભિન્ન પડીને સ્વરૂપજ્ઞાન, આત્મજ્ઞાન જેને પ્રાપ્ત છે, પ્રગટ થયું છે અને તે આત્માના જ્ઞાનમાં જેવો આત્મા જાણ્યો છે, એવો જ પ્રતીતિમાં આવે છે. આવો જ હું છું. જેવો જાણ્યો તેવો છું એમ પ્રતીતિમાં આવે છે તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. એને સમ્યગ્દર્શનનું લક્ષણ કહે છે. પ્રતીતિભાવ એ સમ્યગ્દર્શનનું લક્ષણ કહેવામાં આવ્યું છે.

સમ્યક્ એટલું સૂક્ષ્મ છે કે પ્રતીતિ દ્વારા તેને કહેવામાં આવે છે. પ્રતીત થાય છે કે આવો જ છું. નિઃશંક પ્રતીતિ થઈ, જેવો અનુભવગોચર થયો તેવી જ નિઃશંક પ્રતીતિ થઈ કે જેવો જ્ઞાનમાં આવ્યો, અનુભવમાં આવ્યો એવો જ છું એમ પ્રતીતિ વર્તે છે તેને સમ્યક્શ્રદ્ધાન કહેવામાં આવે છે. શ્રદ્ધાન ઉદય આવ્યું. શ્રદ્ધાન ઉદય થાય છે. એવો શબ્દ વાપર્યો છે. એવી પ્રતીતિ જેનું લક્ષણ છે તેવું શ્રદ્ધાન ઉદય થાય છે. એમ ગાથામાં મૂળ શબ્દ–ભાષા એ રીતે છે.

**'સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણપણાથી 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવા આત્મજ્ઞાનથી,...'** એવા આત્મજ્ઞાન દ્વારા આ અનુભૂતિ છે તે જ હું છું. એવું જે આત્મજ્ઞાન, તેના દ્વારા **'આ આત્મા જેવો જાણ્યો છે તેવો જ છે એવી પ્રતીતિ જેનું લક્ષણ છે..'** બસ, એટલું શાસ્ત્ર વચન છે. જેટલા શબ્દો આમાં છે. આ મૂળ શાસ્ત્ર વચન છે. કે **'આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો..'** એવું જેનું લક્ષણ છે **'એવું શ્રદ્ધાન ઉદય થાય છે.'** જ્ઞાન વડે એવું શ્રદ્ધાન ઉદય થાય છે. અને એવું શ્રદ્ધાન ઉદય થાય છે **'ત્યારે સમસ્ત અન્યભાવોથી, ભેદ થવાથી...'** એટલે જુદાંપણું થવાથી સ્વરૂપમાં **'નિઃશંક ઠરવાને સમર્થ થવાને લીધે...'** એમ લીધું. પછી સ્થિર થવાની જે શક્તિ આવી, તેને કારણે **'આત્માનું આચરણ ઉદય થતું આત્માને સાધે છે.'** તેને ચારિત્ર કહેવામાં આવે છે. તે સ્વરૂપાચરણ ચારિત્ર છે. અવિરત નામના ચોથા ગુણસ્થાને એ સ્વરૂપાચરણચારિત્ર એવું નામ પામે છે. એને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે.

મુમુક્ષુ :– જેવો જાણ્યો છે તેવો જ. એટલે પહેલા જ્ઞાનમાં લક્ષમાં આવ્યો હતો એ કે સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન જે ઉત્પન્ન થાય છે ત્યારે જે જ્ઞાનમાં આવ્યો તે?

પૂજ્ય ભાઈશ્રી :– તે સમ્યગ્દર્શનની સાથે ઉત્પન્ન થાય છે. એમ વાત લેવી. અહીંયાં એમ વાત લેવી છે. જેવો જ્ઞાનમાં એટલે અનુભવમાં, નિર્વિકલ્પ અનુભવમાં આવ્યો, ત્યારે એની પ્રતીતિ થઈ. અહીંયાં આત્મજ્ઞાન લેવું છે. ઓલું ભાસ્યમાન થયેલું જ્ઞાન નથી લેવું પણ આત્મજ્ઞાન લેવું છે. એટલે અનુભવજ્ઞાન લેવું છે. એ જ્ઞાનમાં જેવો જણાયો તેવો જ છું એમ પ્રતીતિ અંદરમાં ઉત્પન્ન થાય છે, ત્યારે એને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– સમયભેદ નથી આમાં?

પૂજ્ય ભાઈશ્રી :– સમયભેદ નથી. એક જ સમયે બધા ગુણ પરિણમે છે. એમાં જ્ઞાનની સાથે દર્શન પરિણમે છે, એની જ સાથે ચારિત્ર પરિણમે, એ જ

કાળે આનંદ ઊપજે છે. બધા એક જ કાળે પરિણમે છે. છતાં નિમિત્તત્વ જોઈને કારણ-કાર્યનો ઉપચાર કરવામાં આવે છે. પણ નિમિત્તત્વ જોઈને. એમાં ચારિત્રનું નિમિત્ત અહીંયાં જ્ઞાન ઉપર ન લાગે અને શ્રદ્ધાન ઉપર ન લાગે. શ્રદ્ધા, જ્ઞાનનું નિમિત્ત ચારિત્ર ઉપર લાગે, એમ જ્ઞાનનું નિમિત્ત દર્શન ઉપર લાગે, દર્શનનું નિમિત્ત જ્ઞાન ઉપર ન લાગે. ન લાગે. એવું એનામાં નિમિત્તત્વ છે. એવી વિશિષ્ટતા છે. તે ગુણના પરિણમનમાં તેટલી વિશિષ્ટતા છે. અહીંયાં આ જે મુદ્દો ચાલે છે ત્યાં ન લાગે. ક્યાંક લાગે છે. પછી જે સમ્યગ્જ્ઞાન પ્રવર્તે છે. તે શ્રદ્ધાનપૂર્વક પ્રવર્તતું જ્ઞાન, ભલે વિષમ વ્યાપ્તિવાળું છે. પર વિષયમાં જાય છે. શુભ વિષયમાં અને અશુભ વિષયમાં. પણ સમ્યક્ શ્રદ્ધાનપૂર્વક ઊપજેલું જે જ્ઞાન છે એ જ્ઞાનમાં શ્રદ્ધાનનું નિમિત્ત છે. ત્યારે એ જ્ઞાનની અંદર બીજી ગડબડ થતી નથી. ભલે શુભાશુભ ઉપયોગ થાય.

મુમુક્ષુ :– ચારિત્ર એટલે સ્થિરતા થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ કોઈ મુદ્દો અહીં નથી લેવો. અહીં તો શ્રદ્ધા-જ્ઞાન ચારિત્રમાં નિમિત્ત પડે છે. પણ ચારિત્ર જ્ઞાનમાં ક્યારે નિમિત્ત પડે છે? કે જ્યારે સ્વરૂપસ્થિરતા વધતા અંદરમાં જ્ઞાન વિકાસ પામવા લાગે. જેમકે બારમાં ગુણસ્થાનની સ્વરૂપ સ્થિરતા પૂર્ણ યથાખ્યાતચારિત્ર એવી છે કે કેવળજ્ઞાનમાં નિમિત્ત પડે છે. ત્યાં કહી શકાય. એમ જ્યાં જેનું નિમિત્તપણું લાગુ પડતું હોય ત્યાં લેવું જોઈએ. એકલું ગોખે રાખે તો એ ન થાય. તો ક્યાંક પાછી ગડબડ થયા વિના રહેશે નહિ. ત્યાં લાગુ પડે છે. કેમ એ જ્ઞાન થયું ? એટલી સ્વરૂપ સ્થિરતા થઈ... એટલી સ્વરૂપ સ્થિરતા થઈ કે પછી હવે સ્થિરતા છૂટે નહિ. યથાખ્યાત ચારિત્ર થઈ ગયું સ્થિરતા છૂટવાનો પ્રશ્ન નથી. પૂર્ણ સ્થિરતા ત્યાં થઈ ગઈ છે. પછી કેવળજ્ઞાનને રોકી શકાય નહિ. કેવળજ્ઞાન થાય, થાય ને થાય જ.

એ રીતે **'જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં...'** પ્રત્યક્ષ થતાં **'જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્મા...'** પ્રત્યક્ષ થતાં **'જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્શ્રદ્ધાન ઉદ્યોત થાય છે.'** આ વિષયમાં બહુ ચર્ચા ચાલી છે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન કે શ્રદ્ધાનપૂર્વક જ્ઞાન? બહુ પ્રશ્ન થયા. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી ચાલી હતી. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એક એવો બોલ છે. ધારણા કરે તો પછી એમાં કાંઈને કાંઈ કલ્પના ભળી જાય, ત્યારે એવી તકલીફ ઊભી થાય. ત્યારે એ ચર્ચા ચાલી હતી.

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં ૧૪૩ નંબરનો બોલ છે. ૧૪૩. પ્રશ્ન છે. ભૂલ થાય એવો જ પ્રશ્ન અહીં છે. **'ત્રિકાલી મેં પ્રસરને મેં જ્ઞાન કારણ હૈ યા દૃષ્ટિ કારણ હૈ ?'** હવે પ્રશ્ન શું છે? પ્રસરવું તે છે, સ્થિર થવું તે છે. પ્રસરવું એટલે સ્થિર થવું. હવે એમાં ભેળવી શું દીધું? ઉત્તર આપશે દૃષ્ટિ કારણ છે એટલું. ભેળવી શું દીધું? કે દૃષ્ટિને લઈને જ્ઞાન થયું છે. આટલી કલ્પના થઈ. નહિતર પ્રશ્ન તો એ ઊપજ્યો છે, કે ત્રિકાળીમાં પ્રસરવામાં વ્યાપ્ય-વ્યાપકભાવે ઉપયોગ થઈ જાય તો ઉપયોગ પ્રસરી ગયો એમ કહેવામાં આવે. એટલે સ્થિર થઈ ગયો. એમાં જ્ઞાન કારણ છે કે દૃષ્ટિ કારણ છે? આ પ્રશ્ન છે.

ઉત્તર છે, કે **'મુખ્યતૌર સે તો (જ્ઞાની કો) દૃષ્ટિ હી કારણ હૈ, ફિર જ્ઞાન કો ભી કહતે હૈં;...'** જ્ઞાનને પણ ક્યાંક કહેવાય છે. પણ મુખ્યપણે દૃષ્ટિ જ છે. શ્રદ્ધાનનું બળ છે. શ્રદ્ધાનનું જોર છે એટલે સ્થિર થઈ ગયો. પણ જ્ઞાનને કોઈ જગ્યાએ કારણ કહેવામાં આવે છે. કેમ કે ૧૭મી ગાથામાં લીધું ને? કે એવું શ્રદ્ધાન ઉદય થાય છે. જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન ઉદય થાય છે અને એવું શ્રદ્ધાન-જ્ઞાન થતાં નિઃશંક ઠરવાને સમર્થ હોવાથી આચરણ પણ ઉદય થાય છે. તો ત્યાં શ્રદ્ધાન-જ્ઞાન બે કારણ છે અને ચારિત્ર તે કાર્ય છે. તો અહીંયાં એ બે વાત લીધી. એમાં દર્શનની મુખ્યતા કરી. બળની અપેક્ષાએ શ્રદ્ધાનની મુખ્યતા કરી.

**'દોનોં સાથ મેં હી હૈં.'** દર્શન અને જ્ઞાન બંને ત્યાં સાથે જ છે. **'દૃષ્ટિ પ્રસર જાતી હૈ તો જ્ઞાન ભી હો જાતા હૈ.'** પ્રશ્ન છે. **'દૃષ્ટિ તો જાનતી નહીં! જ્ઞાન હી જાનતા હૈ?'** એમાં ને એમાં જ છે. ૧૪૩ બોલમાં જ પેટા પ્રશ્ન છે.

ઉત્તર : **'ઇસ અપેક્ષા સે (સ્વલક્ષ્યી) જ્ઞાન કો ભી કારણ કહતે હૈં.'** દૃષ્ટિ આંધળી છે. જ્ઞાન તો દેખતું છે. દૃષ્ટિ એટલે અહીં શ્રદ્ધાન. જ્ઞાનને કારણ કહો. તો એ અપેક્ષાથી જ્ઞાનને પણ કારણ કહીએ.

**'પરંતુ, યથાર્થ મેં તો...'** હવે ઉઘાડ જ્ઞાનની વાત લે છે. કે **'ઐસે ગ્યારહ અંગવાલે કો (પરલક્ષ્યી) જ્ઞાન તો હો જાતા હૈ, દૃષ્ટિ નહીં હોતી.'** અગિયાર અંગવાળાને તો જ્ઞાન છે. આત્મા આવો છે... આત્મા આવો છે... આત્મા આવો છે... નથી જાણતો? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ગુણ-ગુણી ભેદ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ. અગિયાર અંગમાં શું બાકી રહ્યું ? **'ઇસીસે યથાર્થ મેં તો દૃષ્ટિ કો હી કારણ કહતે હૈ.'** એમ શ્રદ્ધાનને મોક્ષમાર્ગમાં (કારણ કહેવાય છે).

ત્યારે બે-ચાર પ્રશ્નો વિવાદાસ્પદ થઈ ગયા એવો જ આ પ્રશ્ન વિવાદાસ્પદ થઈ ગયો હતો. 'ગુરુદેવે' બહુ ખોલી ખોલીને વાત કરી છે. પછી આ ૧૭મી ગાથાનો આધાર આપ્યો છે. જુઓ ! અહીંયાં એમ કહે છે, કે જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવતા શ્રદ્ધાન થાય છે. એ પહેલા શ્રદ્ધાનનો ઉદય થયો એમ કહેવાતું નથી. જેવો પ્રતીતિમાં આવ્યો છે એવું જ જ્ઞાન થાય છે એમ ન કહી શકાય. કેમ કે જાણ્યા વિનાનું શ્રદ્ધાન સસલાના શીંગડા જેવું છે. એ તર્ક આપ્યો છે.

આચાર્ય મહારાજે એ ગાથાની ટીકામાં પોતે તર્ક આપ્યો છે કે જાણ્યા વિનાનું શ્રદ્ધાન કેવું છે? કે સસલાના શીંગડા જેવું છે. જેમ સસલાના શીંગડા કોઈએ જાણ્યા નથી. કેમ કે છે નહિ તો જાણવાનો પ્રશ્ન નથી. શબ્દ છે, શબ્દનું વાચ્ય છે. એટલે સસલું છે, શીંગડું છે પણ સસલાને શીંગડું નથી. એમ છે. તો એને સસલાને શીંગડું છે એવી પ્રતીતિ કોઈને થઈ શકે નહિ. જાણે તો એની પ્રતીતિ થાય એમ કહેવું છે. જાણ્યા વિના પ્રતીતિ સંભવિત નથી.

મુમુક્ષુ :– તમે હાજર હતા?

પૂજ્ય ભાઈશ્રી :– હા. પહેલા અમારે ચર્ચા તો ખૂબ થાય. પછી આગળ-આગળ ચાલે. મોટી થાય, જાડી થાય પછી 'ગુરુદેવ' સુધી પહોંચે. બહુ ચર્ચા ઊઠી હતી. ઘાટકોપરવાળા ભાઈઓ છે ને. એ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નો સ્વાધ્યાય ઘણો કરતા એમાંથી આ નીકળ્યું. પછી એમને કહ્યું હતું, તમે આગ્રહ રાખો છો, પણ તમે તો 'સોગાનીજી'ના પરોક્ષ વચનો વાંચ્યા છે. અને અમારે તો પ્રત્યક્ષ પરિચય હતો અને ઘણી ચર્ચા થઈ હતી. પછી 'પંચાધ્યાયી'ની એક ગાથા દેખાડી હતી. કે આ ગાથા ઉપર ચર્ચા થઈ હતી. જ્ઞાન પ્રસિદ્ધં એકં કારણમ્. સ્વાનુભૂતિ એક હેતુસ્થ **'प्रसिद्धं ज्ञानमेवैकं'** સ્વાનુભૂતિનો હેતુ આથી જ્ઞાન જ એક પ્રસિદ્ધ કારણ છે. જ્ઞાનથી સાધ્યની સિદ્ધિ છે એ કાલે લીધું હતું ને? એ 'સોગાનીજી'ને ગાથા દેખાડી હતી. એમ જ છે. એ વાત તો એમ જ છે. એમાં બીજો શું ફેર પડે? કથનશૈલીમાં ભલે એ વાત ન આવતી હોય. પણ એથી કાંઈ અનુભવ બીજી રીતે છે એવું તો કોઈ દિ' કોઈને બને નહિ. જ્ઞાનની મુખ્યતા કરતા નથી એ નથી કરતા. પણ અહીંયાં કહ્યું એનું શું? તો કહે એ એમ જ છે. એમ કહ્યું. ગાથા વાંચી અને એક સેકન્ડ રોકાઈને એમ કહ્યું, કે અનાદિ-અનંત જ્ઞાનીઓની આ જ પરિસ્થિતિ છે. એમ કહ્યું. તેટલો શબ્દ વધારીને કહ્યું. અનાદિઅનંત ત્રણે કાળના જ્ઞાનીઓ આમ જ જ્ઞાન પામે છે. જ્ઞાન જ એક હેતુ છે. ત્યાં એ વિષય લીધો છે. પંચાધ્યાયીમાં જ્ઞાનને સ્વાનુભૂતિનો હેતુ લીધો છે.

**'तस्मात्तत्परमं पदम्'** જ્ઞાનને મુખ્ય કરે છે, કેમ? કે ત્યાં એકલો શબ્દ લીધો છે, કે સ્વાનુભૂતિનો હેતુ હોવાથી, કારણ હોવાથી જ્ઞાન જ એક પરમ પદ છે. **'तस्मात्तत्परमं पदम्'** એટલો શબ્દ વાપર્યો છે. એ ૪૦૧ ગાથામાં પણ એવા શબ્દો છે. ઉત્તરાર્ધ. રાખ્યો છે અહીં કાગળ રાખ્યો છે. ૪૦૧ નંબરની ગાથા છે. ૪૦૧. **'प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः'** આ જરા વિશેષ વાત છે. **'विधौ चितः'** એવો શબ્દ નાખ્યો છે. વિધિનો વિષય ચાલે છે ત્યાં. એમ ચોખ્ખુ નાખ્યું છે. કઈ વિધિએ થાય છે ? સાધનની વિધિનો જો વિચાર કરવામાં આવે, આત્માના અનુભવના સાધનની વિધિની મીમાસા કરવામાં આવે. ઊંડી વિચારણા કરવામાં આવે, તો **'प्रसिद्धं ज्ञानमेवैकं साधन'** **'स्वानुभूत्येकहेतुश्च'** એક સ્વાનુભૂતિનો હેતુ હોવાથી **'तस्मात्तत्परमं पदम्'** તેથી

તેને પરમપદ કહેવામાં આવે છે. આટલો મહિમા કર્યો. તેથી જ્ઞાન જ પરમપદ છે.

અનભુવ અનિર્વચનીય હોવાથી જ્ઞાન નામનો ગુણ જ આત્માની સિદ્ધિ આદિમાં અથવા સ્વાનુભૂતિમાં હેતુરૂપ થાય છે તેથી જ્ઞાન જ પરમપદ છે. આ એનો અર્થ કર્યો છે. ૪૦૧ ગાથા. ઉત્તરાર્ધની ૪૦૧, હોં! પૂર્વાર્ધમાં ૭૦૦-૮૦૦ ગાથાઓ છે. આ ગાથા ઉપર 'સોગાનીજી' સાથે ચર્ચા થઈ હતી. કુદરતી. આપની શૈલીમાં આ વાત આવતી નથી. તો પક્ષપાત કેમ કરો છો? આનંદનો વિશેષ મસ્તીવાળો પ્રકાર હતો. દૃષ્ટિની પ્રધાનતાથી કથન આવે અને આનંદની પ્રધાનતાથી કથન આવે. જ્ઞાનની પ્રધાનતાથી વાત જ બહુ ઓછી આવે. કોઈ તર્ક કરતા કે 'ગુરુદેવ' તો જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક કરે છે. તમે તો કાંઈ જ્ઞાયક જેવું કાંઈ બોલતા નથી. છે શું? એ તો દરેકની પોત પોતાની શૈલી હોય છે.

પછી આ ગાથા બતાવી હતી. કારણમાં તો જ્ઞાન પડે છે એમ 'પંચાધ્યાયી'માં કહ્યું છે. શ્લોક વાંચ્યો, અર્થ વાંચ્યો. એક સેકન્ડમાં એમ કહ્યું, અનાદિઅનંત કોઈપણ જ્ઞાની આમ જ થાય. બીજી રીતે કોઈ જ્ઞાની થતું નથી. જ્ઞાનથી જ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે. અને એમણે સાંભળ્યું છે એ જ ને. 'ગુરુદેવ' પાસે પહેલું જે સાંભળ્યું છે એ આ સાંભળ્યું છે. શું સાંભળ્યું છે ? રાગ અને જ્ઞાન જુદા છે. એમ સાંભળ્યું છે. જ્ઞાન અને રાગ જુદા છે. ભેદજ્ઞાનનો વિષય મળ્યો. વિધિ છે એ મળી છે. એ કહ્યું પણ માણસ બહુ સ્વીકારે નહિ. કે આ રૂબરૂ વાત થઈ છે. તો કહે નહિ. પણ અહીંયાં ચોખ્ખું ૧૪૩માં તમે જ છાપ્યું છે ને. અમે છાપ્યું છે એનો અર્થ અમે સમજીને કહીએ છીએ.

એવું શ્રદ્ધાન દેખાય છે. એવું જ્ઞાનપૂર્વક નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ ઉત્પન્ન થઈ આવે છે એને ત્યાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે અથવા સમ્યક્શ્રદ્ધાન કહેવામાં આવે છે. ૩૫૧ બોલ થયો.

મુમુક્ષુ :- હવે આ બોલ તિર્યંચને લાગુ પાડીએ.

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિઅનંત સર્વ સાધકને આ જ પ્રકાર છે. કોઈને વિધિ બીજી અને કોઈને વિધિ બીજી (એમ બને નહિ). 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' માર્ગની વિધિનો કોઈ ફેર પડતો નથી. ચારે ગતિના જીવ. સાતમી નારકીનો નારકી લ્યો, દેવલોકનો દેવ લ્યો, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ લ્યો કે મનુષ્ય લ્યો (એમાં) બીજો ફેર પડતો નથી. ક્ષયોપશમનું જાણપણું સાધક થવું જોઈએ, બાધક ન થવું જોઈએ. મનુષ્ય પર્યાયમાં અનેક શાસ્ત્રના જાણવાના મળે છે, પણ એ તો એને આત્મજ્ઞાનમાં સાધક થવું જોઈએ. એના બદલે એને તર્ક વિતર્ક થઈને એની સમજણમાં વિક્ષેપ પડે, આત્માને સાધવામાં ક્ષોભ ઊપજે અને વિક્ષેપ પડે. એ વિક્ષેપ પડે છે એનું કારણ ભાવનાની ખામી છે.

'શ્રીમદ્દજી'ની ભાષામાં કહીએ તો સત્પુરુષ પ્રત્યેની ભક્તિની ખામી છે. મળ અને વિક્ષેપ નામની બે વાત લીધી. એમાં મળ છે એ પરિણામનું મલિનપણું છે અને વિક્ષેપ છે એ ક્ષોભના પરિણામ છે. મુમુક્ષુના જીવનમાં એવો વિક્ષેપ કેમ ઊભો થાય છે? એને જાણવા તો મળે છે. આત્મા આવો છે... આત્મા આવો છે... આત્મા આવો છે. સત્શાસ્ત્રોથી જાણે છે, સત્પુરુષથી જાણે છે, પ્રત્યક્ષ સત્પુરુષથી જાણે છે. છતાં એને કેમ ત્યાં સુધી પહોંચાતું નથી? કે એને એમાં વિક્ષેપ છે. એ કાર્ય કરવામાં કાંઈક વિક્ષેપ પડે છે. એ વિક્ષેપ મટવાનું કારણ સત્પુરુષની ભક્તિ છે. એવો વિષય લીધો છે.

મુમુક્ષુ :- વિક્ષેપ મટવાનું કારણ?

પૂજ્ય ભાઈશ્રી :- સત્પુરુષની ભક્તિ છે. એમણે એવો વિષય લીધો છે. જુદી જુદી જગ્યાએ એમણે બહુ સૂક્ષ્મ વાતો કરી છે. ધ્યાન ખેંચાય એવી વાતો છે. અને ધ્યાન ખેંચવું જોઈએ એવી વાતો છે. પાછળ છે. દરેક પોતાની ભાષામાં વાત કરે છે. ૪૪૯. ૨૬મું વર્ષ છે. પત્રાંક નંબર ૪૪૯.

**'કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે;...'** શૈલી કેવી છે ! આત્મ **'કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે,**

**તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે; તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે;...'** કેવી શૈલી છે ! વિચારવા ઘટે છે એનો હેતુ છે કે તેને વારંવાર વિચારીને મટાડવા ઘટે છે. **'અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ અનાદિના જીવના ત્રણ દોષ છે.'** મળ, વિક્ષેપ અને અજ્ઞાન. એમાં વિક્ષેપની સામે વાત લેશે.

**'જ્ઞાનીપુરુષોનાં વચનની પ્રાપ્તિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી, અજ્ઞાનની નિવૃત્તિ હોય છે. તે અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે...'** અજ્ઞાન ટાળવાને અર્થે **'અને જ્ઞાનીપુરુષોનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે, મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે.'** શું કહેવું છે ? કે જ્ઞાનીપુરુષોના તને વચનો મળે, પણ તેનો તને યથાયોગ્ય વિચાર કેમ નથી થતો ? કે મળ અને વિક્ષેપ નડે છે. અજ્ઞાન ટાળવા માટે જ્ઞાન થવું જોઈએ. જ્ઞાન થવા માટે જ્ઞાનીના વચનો મળે, છતાં તેનો યથાયોગ્ય વિચાર નહિ થવાનું કારણ શું ? કે મળ અને વિક્ષેપ નડે છે.

**'વિચાર થવાને અર્થે, મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ એ આદિ મળ મટવાના સાધન છે.'** મળ એટલે પરભાવનો, સંયોગાદિનો તીવ્ર રસ તે મળ છે. એ બાજુનો તીવ્રરસ તે મળ છે. એટલે તેમાં આટલું લીધું. **'સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પપરિગ્રહ એ આદિ મળ મટવાના સાધન છે. જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે.'** આ એક ટૂકડો નાખ્યો છે. જ્ઞાનીપુરુષની ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે એમ ન કહ્યું પણ જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ તે વિક્ષેપ મટવાનું સાધન છે. આમ બે પ્રકારે મળ અને વિક્ષેપ મટે તો જ્ઞાનીપુરુષોના વચનોનો યથાયોગ્ય વિચાર થઈને એનું પરિણમન થાય. એમ લેવું છે. દાખલો ગણાવે એવી રીતે આ વાત સાબિત કરી છે, કે જીવના પરિણામમાં ત્રણ પ્રકારના જે દોષ છે, એમાં આ રીતે મળ, વિક્ષેપ મટાડીને એણે જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઈએ.

**'હવે એવો નિશ્ચય કરવો ઘટે છે, કે જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી;...'** અરૂપી એવો આત્મા, ઇન્દ્રિયજ્ઞાનથી જણાય નહિ એવો આત્મા, જાણ્યો નથી એ કહેશે ક્યાંથી ? કહે કેવી રીતે? એ વાત જ બંધબેસતી નથી. એ સમર્થ નથી. **'અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી.'** ત્રણકાળ, ત્રણલોકમાં. **'તે પુરુષથી આત્મા જાણ્યા વિના આત્મા જાણ્યો છે, એવી કલ્પના મુમુક્ષુજીવે સર્વથા ત્યાગ કરવી ઘટે છે.'** છોડી દેવી જોઈએ એમ કહે છે. **'તે આત્મારૂપ પુરુષના સત્સંગની નિરંતર કામના રાખી ઉદાસીનપણે લોકધર્મસંબંધી અને કર્મસંબંધી પરિણામે..'** જગતના કાર્યો જેટલા ઉદયમાન હોય, ઉદાસીનપણે **'તે પરિણામે છૂટી શકાય એવી રીતે વ્યવહાર કરવો;...'** છૂટવાનું ધ્યેય રાખવું. કરવાનું નહિ પણ છૂટવાનું. **'જે વ્યવહાર કર્યામાં જીવને પોતાની મહત્તાદિની ઇચ્છા હોય તે વ્યવહાર કરવો યથાયોગ્ય નથી.'** જરાક મોટાઈ મળે એવી કાંઈ વ્યવહારની વાત આવે તો ખસી જવું. મોટાઈ જોઈતી નથી. એવી ઘણી વાતો કરી છે.

મુમુક્ષુ :– વિક્ષેપનો અર્થ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– વિક્ષેપ એટલે દખલ. સાદી ભાષામાં નથી કહેતા, ભાઈ! આ એક કામ કરવું છે એમાં તમે વચ્ચે વિક્ષેપ શું નાખો છો ? વિક્ષેપ શું પહોંચાડો છો? દખલ કરવી, Disturb કરી નાખવું. આત્મા સંબંધીનું જાણવું મળે છે, આત્મજ્ઞાની પુરુષો પાસેથી જાણવું મળે છે છતાં એનો યથાયોગ્ય વિચાર થઈને એમાં આગળ વધીને કેમ તે આત્મજ્ઞાન સુધી પહોંચાતું નથી ? કેમ કે વચમાં એક વિક્ષેપ છે. એ વિક્ષેપ ટાળવાનું આ સાધન છે. એમ લીધું છે. આ બહુ રહસ્યમય વિષય છે. અંદરના રહસ્યનો આ વિષય છે. જીવના પરિણમનમાં સર્વાંગ તૈયારી થાય ત્યારે એ સમ્યક્ સુધી પહોંચે છે. એમ ને એમ સમ્યક્ સુધી કોઈ પહોંચતું નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– વિક્ષેપ છે એ થોડો ભાવનાનો વિક્ષેપ છે. ભાવનાની ક્ષતિ છે એનો વિક્ષેપ છે. આમાં શું છે, સમ્યગ્દર્શન જો લઈએ, તો આત્માનું અત્યંત અત્યંત આત્મભાવનું ભાવવિભોરપણું છે તેમાં એવું એ પરિણમન છે. નિર્વિકલ્પ પરિણમન છે ને ? સર્વ જગ્યાએથી મનનો સૂક્ષ્મ વિકલ્પ પણ જ્યાં મટે છે ત્યારે નિર્વિકલ્પ સ્વરૂપનું ભાવવિભોરપણું કેટલી હદે આવતું હશે, એની તારતમ્યતા કેટલી વધતી હશે, કેટલો એ એમાં ભાવાન્વિત થતો હશે ! એ ઊંડે ઉતરીને નક્કી કરવા જેવો વિષય છે. એમાં જે ભાવનાની વિશિષ્ટતા છે, આત્મભાવ સંબંધીની ભાવનાની જે વિશિષ્ટતા છે, એની જે ક્ષતિ છે એ વિક્ષેપ છે. એ ખામી છે એ વિક્ષેપ છે. આમ છે.

મુમુક્ષુ :– આપણે .. અત્યારે ભાવનામાં નથી અવાતું.

પૂજ્ય ભાઈશ્રી :– એટલા માટે આ બહુ સરળ રસ્તો બતાવ્યો છે, કે મૂર્તિમંત આત્મજ્ઞાનસ્વરૂપ છે, મૂર્તિમંત આત્મદર્શનસ્વરૂપ છે. જે ચીજ તારે જોઈએ છે એની મૂર્તિ તારી સામે છે. એના પ્રત્યેની અત્યંત અત્યંત ભક્તિ તારા વિક્ષેપને ટાળશે. બીજો કોઈ પ્રયત્ન કરવાની તારે જરૂર નથી એમ લેવું છે. બહુ સહેલો ઉપાય દેખાડ્યો છે.

મુમુક્ષુ :– મળના પ્રકારો પણ જેને જ્ઞાની પ્રત્યે અત્યંત ભક્તિ પરિણમે છે એને મળના પ્રકાર પણ નીકળી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એનો મળ મંદ પડે છે, એનો મળ પણ મંદ પડે છે. પણ અહીંયાં બે સાધન લીધા. બે ભેદ પાડીને બે વાત કરી છે. કેમ કે મળ થવાના કારણો ઘણા છે. જે તીવ્ર રસ છે એ રસ ખૂબ મલિન વસ્તુ છે. જે પરરસ છે, તીવ્ર પરરસ છે એમાં રસનું જે વૃદ્ધિગતપણું છે, રસની જે તીવ્રતા છે એ જ મલિનપણું છે એમ. એટલે એટલા બધા બોલ સાથે લીધા છે.

**પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં પરમાત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.**

**અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ ?–કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. ૩૫૨.**

૩૫૨. **'પરમાત્મા ફરમાવે છે...'** હું કહું છું... હું કહું છું... હું કહું છું... એમ ક્યાંય નથી આવતું. તમે 'ગુરુદેવ'ની શૈલી જો જો. હું કહું છું એમ વાત જ નથી આવતી. આચાર્ય આમ કહે છે, ભગવાન આમ કહે છે, પરમાત્મા આમ ફરમાવે છે. શૈલી જ એવી આવે છે. **'પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે.'** 'સમયસાર'ની ૬ ગાથાના પ્રવચનમાં એક વાત આવી હતી, કે ભાઈ ! અનાદિથી તને તારું જ્ઞાન જ જણાઈ રહ્યું છે. તારું જ્ઞાન જ તને અનુભવમાં આવ્યું છે. પરને તેં જાણ્યું જ નથી. એવી વાત કરે છે. ત્યાં શું લેવું છે કે પરપ્રકાશકપણાનો નિષેધ નથી. પણ પરસન્મુખ થઈને પર આશ્રય કરે છે એનો નિષેધ છે. શું છે કે પરપ્રકાશક તો સ્વભાવ છે અને સ્વપ્રકાશક તો સ્વભાવ છે. સ્વપરપ્રકાશક તો એક સાથે સ્વભાવ છે. પણ સ્વને જાણવાનું, અનુભવવાનું ભૂલ્યો હોવાથી, મોતને બાજે તો તાવ આવે, આ એક પદ્ધતિ છે. મોતને બાજે તો તાવ આવે. અહીંયાં એ શૈલી છે. કે એકવાર તું ભૂલી જા કે હું પરને જાણું છું, મેં પરને જાણ્યું છે તું એકવાર ભૂલી જા. એમ કહેવા માટે એ વાત છે. તો અહીંયાં પણ એક આ ગાથામાં પણ એક ન્યાયે શૈલી આવે છે.

**'પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે**

**છે.'** આબાળ-ગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે. વળી જ્ઞાનની પર્યાય પણ ન લીધી. આત્મા અનુભવમાં આવે છે. એ આત્મા વળી કયો હશે ? અમને તો ખબર જ નથી, એમ કહે. અને આત્મા અનુભવમાં તર્ક બહુ કરે. શાસ્ત્રો વાંચ્યા હોય પછી બહુ તર્ક કરે છે. કે આત્મા અનુભવમાં આવે તો અમે તો અત્યાર સુધી એમ સમજ્યા છીએ કે જેને આત્મા અનુભવમાં આવે એને આનંદનો અનુભવ થાય. અમને તો આનંદનો અનુભવ થયો નથી માટે આત્મા અનુભવમાં આવ્યો નથી. પણ શું તારે આચાર્યનું વચન ખોટું પાડવું છે ને? તારે કામ શું છે ? હેતુ શું છે ?

ભાઈ ! ત્યાં એ કાંઈક બીજું કહેવા માગે છે. એમ આચાર્યદેવ નથી કહેતા, કે તને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ પ્રગટ થઈ ગયો છે અને તને ખબર નથી. એમ કાંઈ નથી કહેતા. એ તો એમ કહે છે કે તારું જે જ્ઞાન છે એ જ્ઞાનની અંદર અનુભવ રહેલો છે. અને જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ રહ્યો છે એના ઉપર તારું ધ્યાન નથી, તારું લક્ષ નથી. તારું લક્ષ રાગ ઉપર છે અને જ્ઞેયાકાર ઉપર તારું લક્ષ છે. બસ. એટલે તને અંદરમાં જ્ઞાન અનુભવાય છે એવી કાંઈ તને ખબર પડતી નથી. એમ તારું ધ્યાન ખેંચે છે. લક્ષ ફેરવવાની વાત છે.

**'પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ !'** જુઓ ! પ્રભુ કહે છે. અજ્ઞાનીને પણ પ્રભુ કહે છે. કે **'તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે.'** એમાં રહેલું જે સ્વભાવનું પ્રકાશન છે, જ્ઞાનમાં રહેલો જે પ્રગટ પ્રસિદ્ધ સ્વભાવ છે તે આત્મા છે. સ્વભાવ છે તે આત્મા છે અને આત્મા છે તે સ્વભાવમાત્ર છે. વસ્તુ છે તે સ્વભાવમાત્ર છે. આગળ કર્તા કર્મ અધિકારમાં એ વિષય ચાલ્યો છે, કે વસ્તુ છે તે સ્વભાવમાત્ર છે અને સ્વનું અનુભવન તે સ્વભાવ છે. સ્વનું અનુભવન તે સ્વભાવ છે. 'સમયસાર'માં બહુ સ્પષ્ટ આ રીતે વ્યાખ્યા કરી છે. ૬૮ પછી ૬૯ પછી ૭૦-૭૧ ગાથાનો એ વિષય છે.

૭૧ ગાથાની ટીકાની પહેલી લીટી છે. **'આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે,...'** શું લખ્યું છે ? **'આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે,...'** વસ્તુ એટલે શું ? કે સ્વભાવમાત્રપણું તે વસ્તુ અને સ્વભાવમાત્ર તે વસ્તુનું સ્વરૂપ. **'અને 'સ્વ'નું ભવન તે સ્વભાવ છે...'** આવી વ્યાખ્યા કરી છે. અને સ્વનું ભવન તે સ્વભાવ છે. **'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું...'** આત્મવસ્તુના પ્રકરણમાં **'નિશ્ચયથી જ્ઞાનનું થવું–પરિણમવું તે આત્મા છે...'** તને એ જ્ઞાનનો અનુભવ થતો હોવાથી આત્માનો અનુભવ થાય છે એમ કહેવામાં આવે છે. આ ૧૭-૧૮ ગાથાની સંધિ લીધી. ૭૧ ગાથા સાથે ૧૭-૧૮ ગાથાની સંધિ લીધી. આંકડા તો એના એ જ છે. આગળ-પાછળ ફેર છે. ૧૭માં ૧ અને ૭ છે અને આમાં ૭ અને ૧ છે. પણ વિષયની સંધિ લાગે છે, જુઓ ! **'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું–પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.'** એટલે આત્મા નથી. એને આત્મા કહેતા નથી.

એમ અહીંયાં જે જ્ઞાનનો અનુભવ જ્ઞાનને છે, એને અહીંયાં આત્માનો અનુભવ એમ કહેવામાં આવે છે. પછી ૧૫મી ગાથામાં સૂક્ષ્મતા લીધી, કે જ્ઞાનના તો બે ભેદ છે. જ્ઞાનના અનુભવમાં બે ભેદ છે. એક તો જ્ઞાન જ્ઞેયાકાર જ્ઞાન છે. તે જ જ્ઞાનની પર્યાય સામાન્ય પણ છે એટલે જ્ઞેયાકાર રહિત પણ છે. એક જ્ઞાનની પર્યાયમાં સૂક્ષ્મતાથી જોવામાં આવે, તો સામાન્ય અને વિશેષ એવું સામાન્ય વિશેષપણું જોવામાં આવે છે, કે જ્ઞાન જ્ઞાનસામાન્ય પણ છે અને તે જ કાળે જ્ઞાન જ્ઞાનવિશેષ પણ છે. જે કાળે જ્ઞાન જ્ઞાનવિશેષ છે તે કાળે જ્ઞાન જ્ઞાનસામાન્યપણે છે. અરિસાની પર્યાયની જેમ. અરિસાની અંદર પ્રતિબિંબ વિનાની પર્યાય લ્યો તો સામાન્ય છે. એમાં સામે આવેલો આકાર કોઈ ઉત્પન્ન થયો ત્યારે પણ ત્યાં આકારવાળી પણ પર્યાય છે અને નિરાકારપર્યાય પણ ત્યાં છે. કે નથી? ત્યાં બેય છે.

તો એમ કહે છે, કે તું જ્ઞાનવિશેષનો આવિર્ભાવ કરી રહ્યો છે એ છોડી દે, બસ. અને સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કર. આવિર્ભાવ કર એટલે તું ભાવાન્વિત થા.

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૩ ઉપર)**

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

ઑગસ્ટ-૧૯૮૫

ઉચ્ચ સ્તરના વ્યવહારિક પરિણમન પ્રત્યે પણ ઉદાસભાવે રહેવું યોગ્ય છે. અન્યથા તેનો રસ ચડ્યા વિના રહેશે નહિ. વ્યવહારની મીઠાશ વેદનાર મિથ્યાદષ્ટિ છે. - આ મીઠાશ ઝેર છે. આનંદ અમૃત સ્વરૂપ આત્માની મુખ્યતા - મહિમા હોતા / થતાં અપૂર્ણતા - વ્યવહાર સહેજે ગૌણ થઈ જાય છે. (૫૭)

❈

સ્વરૂપ ધ્યાની કેવા હોય ? કે જેને વસ્તુનું -

૧. યથાર્થ સ્વરૂપ જ્ઞાન હોય; ૨. જે સહજ વૈરાગી હોય; અર્થાત્ રાગથી વિરક્ત (દુઃખ લાગવાથી) હોય; ૩. ઇન્દ્રિય - મન જેને વશ હોય; ૪. અચંચળ ચિત્ત / ઉપયોગવાળો હોય; ૫. પ્રમાદ રહિત હોય; ૬. ધૈર્યવાન હોય; ૭. મુક્તિના ઇચ્છુક અર્થાત્ ઉદ્યમી હોય; ૮. સ્વભાવનો અતિ મહિમા હોય; ૯. જનપદ ત્યાગીને સાધનામાં મગ્ન રહે. (૫૮)

❈

(૧) પ્રજ્ઞાછીણી અંતરમાં પટકવા - જ્ઞાન અને રાગની સૂક્ષ્મ સંધિ ક્યારે અર્થાત્ કેવી ભાવ ભૂમિકામાં જણાય ? અને (૨) કઈ રીતે પ્રજ્ઞાછીણી કાર્ય કરે ? (૩) પ્રજ્ઞાછીણીનું સ્વરૂપ શું ?

(૩) પ્રજ્ઞાછીણીનું સ્વરૂપ : જે જ્ઞાન સૂક્ષ્મ થઈને સૂક્ષ્માતિસૂક્ષ્મ ત્રિકાલી ધ્રુવ સ્વભાવને ગ્રહે તે પ્રજ્ઞાછીણી છે. અર્થાત્ અંતર્મુખ થયેલી જ્ઞાનની પર્યાય પ્રજ્ઞાછીણીનું કામ કરે છે.

(૨) જ્ઞાન અને રાગ સાથે (એક સમયે) હોવા છતાં સ્વભાવ ભેદ જણાતાં તે જુદાં જણાય. સ્વભાવ - વિભાવનો ભેદ સ્વને (વેદનથી) ગ્રહતા, જ્ઞાનની મુખ્યતા થતાં જણાય - તે સિવાઈ જણાય નહિ. નિજમાં નિજને અવલોકતાં ઉપયોગ શુદ્ધ થાય. એ વચન અનુસાર નિજ વેદનના અવલોકનથી - વેદનનો અર્થાત્ સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ થઈ પ્રગટ સ્વસંવેદન રસ ઊપજે.

(૧) 'સ્વભાવમાં જ રસ લાગે' અને અન્ય સર્વ નીરસ લાગે, ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય અર્થાત્ સ્વભાવનો રસ ઊપજે ત્યારે જ વિભાવ અને સ્વભાવ વચ્ચેનો ભેદ / જુદાંપણું જણાય. પરંતુ એવું ન બને કે પરમાં તીવ્ર રુચિ / રસ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. આ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. જે પ્રત્યક્ષ પ્રયોગથી (અનુભવથી) સમજાય તેવું છે. (બ.વ. ૧૯૭) (૫૯)

❈

સપ્ટેમ્બર - ૧૯૮૫

દૃષ્ટિ સ્વરૂપની થતાં દૃષ્ટિનું જોર અને જ્ઞાનમાં અભિપ્રાયનું (જ્ઞાન) બળ એવું રહે છે કે 'હું તો સદાય પૂર્ણ વીતરાગ સ્વરૂપ છું' - ત્યારે પણ જ્ઞાનમાં રાગાદિ ઉદયભાવો ઉત્પન્ન થતાં ભિન્ન જણાય છે. પરંતુ તે પોતાના પૂર્ણ વીતરાગ સ્વરૂપથી વિરુદ્ધ જાતિના ભાસે છે–અને તેમના થવામાં, મારું કર્તાપણું; કરાવવાપણું કે અનુમોદન - કાંઈ પણ નથી. કારણ કે તે તે ભાવો થવા કાળે પણ હું તો પ્રત્યક્ષપણે જેવો છું તેવો જ પૂર્ણ વીતરાગ રહું છું.–જરાપણ આ ભાવો સાથે ભળતો નથી. (૬૦)

પરપ્રવેશભાવ - એ પરમાં નિજનું અવલોકન (અહંભાવ) અર્થાત્ અનુભવ છે. જે નિજાવલોકન થવા દેતું નથી. જ્ઞાનમાં / સ્વમાં નિજનું અવલોકન - વેદન થતાં ઉપયોગ શુદ્ધ થાય.

પરમાં / અનુકૂળતામાં સુખ બુદ્ધિ / અનુભવ એ જ પરનું સ્વપણે ગ્રહણ અને પર રસ ઊપજવાનું મૂળ છે. તે જ સ્વભાવનો ઘાતક ભાવ છે - ઝેર છે; કે જે ભ્રાંતિથી મીઠું લાગે છે. દુઃખમાં કલ્પનાથી મીઠાશ કલ્પી છે. (૬૧)

❉

મુમુક્ષુ જીવને પણ 'પોતે સત્ પરમાનંદમય છે' એમ દૃઢ ન રહે તો બાહ્ય શાતામાં ઠીક લાગે; કે જે પુરુષાર્થને ઉત્પન્ન થવામાં અવરોધક કારણ છે - અટકવાનું સ્થાન છે, યોગ્યતાને રોકે છે. ઉદયમાં સાવધાની સ્વરૂપની સાવધાની થવા દે નહિ, તે લક્ષમાં (તીક્ષ્ણતાથી) રહેવું ઘટે. (૬૨)

❉

પ્રત્યક્ષ સત્પુરુષથી વિમુખ વર્તવું અથવા ઉપેક્ષિતભાવે વર્તવું - તે પ્રગટ અનંતાનુબંધીનો કષાય છે. - (શ્રીમદ્જી.) (૬૩)

❉

શુદ્ધાત્મામાં મગ્નતાનો અભિલાષી જીવ અસંગતા ચાહે છે. બાહ્યમાં સંગનો રાગ અસંગ તત્ત્વને વિસંગત છે / અનુકૂળ નથી; 'અશુભયોગનો રસ' તો તીવ્ર મલિનતાનો ઉત્પાદક હોઈ અસંગ સ્વરૂપ ભાસવામાં ખચીત અવરોધક બને છે. (૬૪)

❉

અનિત્ય, અશરણ, અન્યત્વ : જે સુખસ્વરૂપ નથી, જે અનિત્ય છે અને જે શરણભૂત થઈ શકતાં નથી. તેવાં ભિન્ન (અન્યત્વભાવે રહેલા) પદાર્થો જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે - તે સતત અંતરશોધપૂર્વક વિચારવા યોગ્ય છે અર્થાત્ તપાસવા યોગ્ય છે. (૬૫)

❉

એકત્વ : જીવ સર્વત્ર એકલો જ છે - ભવાંતર એકલાનું જ થાય છે, અર્થાત્ દેહનો સંયોગરૂપ જન્માવસ્થા, દેહ ત્યાગરૂપ મરણ તુલ્ય દુઃખાવસ્થા આદિમાં જીવ એકલો જ દુઃખ ભોગવે છે. સમ્યક્ પુરુષાર્થથી સ્વભાવને પામી જીવ એકલો જ સિદ્ધિ પામે છે. (૬૬)

❉

અહો ! જગત આખું - ભલે વિવિધતા સભર છે તોપણ - પોતાથી શૂન્ય (ખાલી) જ જોવામાં આવે છે; ત્યાં તેનું આકર્ષણ શું ? તેનું આશ્ચર્ય શા માટે ? કુતૂહલ શા માટે ? અંતરમાં મહા આનંદ સભર નિજ ચૈતન્ય રત્ન ચમકે છે, ત્યાં અંતર્મુખ - કેવળ અંતર્મુખ રહેવા યોગ્ય છે - સ્થિર થવા યોગ્ય છે. (૬૭)

❉

વર્તમાનમાં, 'દુર્લભ યોગ' જીવને પ્રાપ્ત થયો છે. ત્યાં થોડોક પ્રમાદ કરી - પુરુષાર્થથી વંચિત રહી, અમૂલ્ય સમય ગુમાવવા જેવું નથી. પરમરસ અર્થાત્ અમૃતરસનો શીઘ્ર આસ્વાદ લેવા યોગ્ય છે. (૬૮)

❉

નિજ ભાવના : હું સર્વથી, સર્વ પ્રકારે, સર્વદા ભિન્ન છું. એક કેવળ શુદ્ધ ચૈતન્ય, પ્રગટ ચૈતન્યસ્વરૂપ, અચિંત્ય સુખસ્વરૂપ, આનંદ સાગર, પરમ ઉત્કૃષ્ટ શાંત, એકાંત શાંત - પરમ શાંત, અભેદ અનુભૂતિમાત્ર નિર્વિકલ્પ છું. (૬૯)



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

દૃષ્ટિના વિષયની હર સમય મુખ્યતા રહેવી જોઈએ. (બીજી) ગમે તેટલી વાત આવો, પરંતુ તેની (દૃષ્ટિના વિષયની) ગૌણતા નહીં થવી જોઈએ. (૨૯૫)

❈

આખા 'સમયસાર'માં છઠ્ઠી ગાથામાં સમ્યગ્દર્શનનો ખાસ વિષય આવી ગયો છે. છઠી ગાથામાં સૌથી ઉત્કૃષ્ટ વાત આવી ગઈ છે. 'હું પ્રમત્ત પણ નથી, અપ્રમત્ત પણ નથી,' કઇ પર્યાય બાકી રહી ? (૨૯૬)

આત્મા તો ગંભીર છે; સમુદ્રની જેમ અનંત શક્તિઓ પોતાનામાં સંગ્રહ કરીને બેઠો છે. તેની દૃષ્ટિ થતાં જ જ્ઞાનમાં પણ ગંભીરતા અને વિવેક આવી જ જાય છે. (૩૦૬)

❈

'હું' તો વિકલ્પથી શૂન્ય છું અને મારા ભાવોથી 'હું' ભરપૂર છું. (૩૧૩)

❈

(દ્રવ્ય -) દૃસ્તિો અસ્થિરતા અને સ્થિરતા બન્નેને કબૂલતી નથી. (૩૬૦)

❈

'દૃષ્ટિ' એવી પ્રધાન ચીજ છે કે સ્વભાવમાં દૃષ્ટિ જામતાં જ (બધા) પરિણામ ખીલતા જાય છે. ('દંસણમૂલોધમ્મો'. જેવી રીતે મૂળમાં પાણી સિંચવાથી વૃક્ષ પાંગરે છે, તેવી રીતે.) (૩૬૮)

❈

પરિણામથી પણ ઊંડું સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વ જે છે તે 'હું' છું. (૩૭૦)

❈

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને સદાય 'ત્રિકાળી આત્મા છું' એમ જ માને છે. 'હું ધ્રુવ સિદ્ધ છું' - જેમાં સિદ્ધદશાની પણ ગૌણતા રહે છે; સિદ્ધદશાનો પણ સમયે સમયે ઉત્પાદવ્યય થાય છે; 'હું તો સદા ધ્રુવ છું'. (૩૭૩)

❈

'હું ત્રિકાળસ્વભાવ ક્યારે પણ બંધાણો જ નથી' તોપણ મને 'મને' મુક્ત કહેવો તે તો ગાળ છે. પર્યાયને મુક્ત કહે તે તો ઠીક છે કારણ કે તે બંધાયેલી હતી, તેથી મુક્ત કહેવું ઠીક છે. પરંતુ 'મને' તો મુક્ત કહેવું પણ ઠીક નથી. (૩૭૫)

❈

દૃષ્ટિનો નશો ચડી જાય તો અંતરમાં જ વારંવાર વલણ થાય. બહારમાં ગમે નહિ. (૪૦૬)

❈

પ્રશ્ન :– તો શું નશાના જેવું દૃષ્ટિનું સ્વરૂપ છે ? કાંઈ દેખતી નથી ?

ઉત્તર :– હા, દૃષ્ટિનો નશો એવો જ છે. કાંઈ દેખતી નથી. પોતાની (સ્વરૂપની) તરફ જ દોડે છે. તેથી તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને બહારમાં ચર્ચા આદિમાં પણ રોકાવું ગમે નહિ. અંદર જ અંદર જવા ચાહે છે. (૪૦૭)

❈

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– વચનામૃતમાં આવે છે કે કાર્યની ગણતરી કરવા જેવી નથી, તેમ છતાં પરિણામોમાં કાર્યની ગણતરી થઈ જતી હોય ત્યાં મુખ્ય કારણ શું બનતું હશે ? તેનાથી બચવા માટે પ્રયોગાત્મક રીતે શું કરવું ?

સમાધાન :– કાર્યોની ગણતરી ન કરતાં આત્માને મુખ્ય રાખવો. બહારમાં તે જાતનો રાગ છે એટલે કાર્યની ગણતરી થાય છે. તેને માટે એક આત્મા તરફની જ લગની લગાડે તો બીજાની મહિમા તૂટી જાય. કાર્યોની શી મહિમા છે ? આત્મા જ મારે સર્વસ્વ છે અને આત્મામાં જ સર્વસ્વ છે. આમ આત્માને મુખ્ય રાખે અને આત્માની મહિમા આવે તો તે બધું ગૌણ થઈ જાય છે, કોઈ જાતની ગણતરી રહેતી નથી. જેને આત્માની જ મહિમા, લગની અને તે તરફનું સર્વસ્વ રહે છે તેને મેં આટલું કર્યું તો પણ કાંઈ થતું નથી, આટલા વિચારો કર્યા, વાંચન કર્યું, સ્વાધ્યાય-ભક્તિ કરું છું તોપણ થતું નથી તેવી ગણતરી હોતી નથી. પણ તેને આત્મા મુખ્ય રહે છે કે મને આત્મા જ સર્વસ્વ છે. બહારથી જે બધું થાય તેના કરતાં અંતરમાં ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરું, જ્ઞાયકને ગ્રહણ કરું, તેમાં લીનતા કેમ થાય તેના ઉપર તેની દૃષ્ટિ હોય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૨૧)**

❈

પ્રશ્ન :– દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા શું આત્માની મહિમા માટે છે ?

સમાધાન :– જિનેન્દ્રદેવે આત્મા પ્રગટ કર્યો છે ને કેવળજ્ઞાનમાં પૂર્ણરૂપે બિરાજી રહ્યા છે, ગુરુ સાધના કરે છે અને શાસ્ત્રમાં પણ તે આવે છે. તેમણે ચૈતન્યનું સ્વરૂપ પ્રગટ કર્યું તે સ્વરૂપની પોતાને રુચિ છે, માટે તેમની મહિમા આવે છે. તે રુચિ એવી જાતની હોવી જોઈએ કે તે સ્વરૂપ મને પ્રગટ થાવ. માત્ર રૂઢિગત મહિમા આવે તેમ નહિ, તેમણે પ્રગટ કરી તે આદરવા યોગ્ય અનુપમ વસ્તુ મારે જોઈએ છે એવી રુચિ હોવી જોઈએ, માટે આત્માની રુચિ અને દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા બંને સાથે સંકળાયેલા હોય છે. જેને સમજણપૂર્વક મહિમા આવે તેને આત્માની રુચિ સાથે હોય જ છે. કોઈ ઓઘે ઓઘે કરતો હોય તેમ નહિ, સમજણપૂર્વક મહિમા આવે તેમાં રુચિ ભેગી જ હોય કે આ સ્વરૂપ મારે જોઈએ છે. વિભાવ સારો નથી, પણ સ્વભાવ સારો છે. દેવ-શાસ્ત્ર-ગુરુએ જે પ્રગટ કર્યું તેની મહિમા આવે છે અને તે મારે જોઈએ છે એવી રુચિ ભેગી હોય જ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુ આદરવાયોગ્ય કેમ છે ? કે તેમણે આત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું છે તે કોઈ અપૂર્વ છે, માટે તેમનો પોતાને આદર છે. તેમાં પોતાના આત્માનો આદર અંતરમાં આવી જાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૨૨)**

❈

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ફેબ્રુઆરી–૨૦૧૩નું) શુલ્ક શ્રી ટોકરશીભાઈ સાવલા, પાર્લા (વેસ્ટ), મુંબઈ, ૦૯૮૨૧૮૮૬૯૭૬ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




## ૨૧૦

મુંબઈ, માહ વદ ૦)), ગુરુ, ૧૯૪૭

**'અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના અને વિશેષે કરી ધર્મજીવના તો અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ.'**

આ વચનામૃતમાં કૃપાળુદેવની અલૌકિક માર્ગભક્તિ પ્રદર્શિત થાય છે. પોતે–સમ્યક્ પ્રકારે આત્મગુણો પ્રગટવાથી–મહાન હોવા છતાં વીતરાગ ધર્મ પ્રત્યેની તેઓશ્રીને અલૌકિક ભક્તિ છે. તે ભક્તિવશ ધર્મ પ્રાપ્તિની ભાવનાથી જે જીવ સત્પુરુષની ભક્તિ કે છે તેના પ્રત્યે સરળતા અને નમ્રતાપૂર્વક ત્રિકાળ દાસત્વ રહે, તેવી માર્ગભક્તિના સિદ્ધાંતને અહીં પ્રકાશ્યો છે. મોક્ષમાર્ગી જીવને આવા જ ભાવ હોય.

## ૨૧૩

મુંબઈ, ફાગણ સુદ ૪, શનિ, ૧૯૪૭

**'અમે તો કંઈ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય, અને અમને એવા જ્ઞાનનો કંઈ વિશેષ લક્ષે નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ અને અસંગતા, એ પ્રિય છે.'**

કૃપાળુદેવના જ્ઞાનસામર્થ્યની અતિશયતાને લીધે કોઈ મુમુક્ષુજીવને ત્રિકાળજ્ઞાની હોવાના ખ્યાલથી અત્યંત મહિમા થઈ આવતો, તેને અનુલક્ષીને ઉક્ત વચનામૃત પ્રકાશિત થયા છે. જ્ઞાનીપુરુષની ઇચ્છા એવી હોય છે કે અનેક પ્રકારે જ્ઞાન-લબ્ધિઓ હોવા છતાં, તેની કોઈ પણ આકાંક્ષા નહિ હોવાને લીધે, અમુક પારમાર્થિક વાત સિવાય જ્ઞાની બીજી લબ્ધિઓની વાત પ્રસિદ્ધ ન કરે, તેવી અંતરૂઇચ્છાને લીધે જે કાંઈ ઉદયમાં આવી પડે તેમાં સહજ પ્રવ-ત્તિ સિવાય તેમને કાંઈ કર્તવ્યરૂપ લાગતું નથી, અથવા ઉદય સિવાય બીજા કાર્યોમાં સહજ અપ્રયત્ન દશા વર્તે છે અને સ્વરૂપભક્તિથી પ્રાપ્ત અસંગતા સિવાય, તેમને કાંઈ પ્રિય નથી. જ્ઞાનનો ઉઘાડ વધારવાની ભાવના નથી.

## ૨૧૪

મુંબઈ, ફાગણ સુદ ૫, રવિ, ૧૯૪૭

**'ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. ક્વચિત્ મનોયોગને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત, પણ અમને તો મ લાગે છે કે આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે; અને પરમાત્માની વિભૂતિરૂપે અમારું ભક્તિધામ છે.'**

આ વચનામૃતમાં કૃપાળુદેવનો સમસ્ત જગત્ પ્રત્યે પરમ વૈરાગ્યભાવ પ્રદર્શિત થયો છે. જો કે પોતે જગત્ વ્યવહારમાં ઉદય અનુસાર વર્તે છે તો પણ આત્મા તેનાથી ભિન્ન પડી ગયો છે. પોતાથી ભિન્ન એવું જે મન તેનો સંયોગ હોવાથી ક્વચિત્ અલ્પ ઇચ્છા થાય છે, તે ગણનાપાત્ર નથી, કારણ કે તે ઇચ્છા ઘણી અલ્પ છે; અને વૈરાગ્ય અતિશય વર્તે છે. જગતના સમસ્ત વૈભવનું મૂલ્ય એક તૃણ જેટલું લાગે છે; તેથી પરમ ઉદાસીનતાએ સહજ વર્તવાનું થાય છે. ઉદાસીનતા એટલે દ્વેષભાવ નહીં પરંતુ જડ-ચેતનની સ્વાભાવિક અવસ્થાઓ, માત્ર સમ્યગ્જ્ઞાનનું જ્ઞેય છે તેમ દર્શાવવા તેને ભક્તિધામની ઉપમા આપી છે.